# આવતીકાલે વૉર્ડ-૩માં મતદાન

## મનપાની પ્રથમ પેટા-ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થયા : ગૃપ બેઠકોનો દોર : વધુમાં વધુ મતદાન થાય તે માટે બન્ને પક્ષો દ્વારા રણનીતિ ઘડાઈ : ભાજપ-કોંગ્રેસે શક્તિ પ્રદર્શન કર્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૩ની પ્રથમ પેટા-ચૂંટણી માટેના પ્રચાર પડધમ આજે શાંત થયા છે.

જાહેર પ્રચાર અભિયાન શાંત થતાં પૂર્વે આજે આ જંગના બે મુખ્ય સ્પર્ધક પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતુ.

કોંગ્રેસ અને ભાજપ બન્નેના શક્તિ પ્રદર્શનમાં સ્થાનિક નેતાઓની હાજરી ધ્યાન ખેંચતી હતી. જો કે વોર્ડના કાર્યકરો કોંગ્રેસની રેલીમાં થોડાક વધારે જોવા મળ્યા હતા. જ્યારે ભાજપની રેલીમાં યુવા મોરચા, મહિલા મોરચો તેમજ શહેરના આગેવાનો પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ પટેલ, પૂર્વ ગુડા ચેરમેન અશોકભાઈ ભાવસાર, ઉરેન પટેલ, કૈલાસ લખવારા, નાઝાભાઈ ઘાંઘર, પ્રિતીબેન દવે, કનુભાઈ દેસાઈ, અમૃતભાઈ દેસાઈ, મેયર રીટાબેન પટેલ, સહકારી અગ્રણી કેતન પટેલ, પૂર્વ ચેરમેન સ્થાયી સમિતિના મનુભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સહિતના આગેવાનો જોડાયા હતા.

ભાજપની આ વિજય વિશ્વાસ રેલીને યજ્ઞેશ દવેએ ખાસ હાજર રહી પ્રસ્થાન કરાવ્યુ હતુ. રેલમાં ૪૦થી વધુ બાઈકો દ્વારા યુવા મોરચાએ સૌનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ.

બન્ને પક્ષો દ્વારા ૨૦ કિ.મી. જેટલા અંતરમાં શક્તિ પ્રદર્શનમાં થયું હતુ. બન્ને પક્ષના શક્તિ પ્રદર્શનમાં કોંગ્રેસમાં શહેર સંગઠનના હોદેદારો, વોર્ડ પ્રમુખો, કાઉન્સીલરો તેમજ વોર્ડના કાર્યકરો, વિવિધ સમાજના આગેવાનો પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા, મીનાબા વાઘેલા, ઉર્પલભાઈ જોશી હિરલબેન જોશી, રાકેશ પટેલ, જીતુ રાયકા, રોશનબેન પરમાર, પિન્કીબેન પટેલ, કે.આર. પટેલ, રજનીભાઈ પટેલ, જયદીપસિંહ ઠાકોર, અશોકભાઈ શ્રીમાળી, લલીતાબેન ઠાકોર, અંકિત બારોટ, ઉર્મીલાબેન વર્મા, જશીબેન શ્રીમાળી, વિમળાબેન વેગડા, રાજેન્દ્રસિંહ ચાવડા, લિરલબા વાઘેલા, કપિલાબેન ચાવડા, કરણસિંહ પરમાર, તેજાભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ દેસાઈ, યુસુફખાન પઠાણ, ભાવેશ દેસાઈ, અમીત ચારેલ, યુનુસ પરમાર, રાકેશ જાની, અશ્વિન દવે સહિતના આગેવાનો જોડાયા હતા.

શક્તિ પ્રદર્શન બાદ આજે સાંજથી કાર્યકરો દ્વારા ગૃપ બેઠકો શરૂ થઈ હતી. જો કે મતદારો દ્વારા વધુમાં વધુ મતદાન થાય તેની વ્યુહરચના આ ગૃપ બેઠકોમાં તૈયાર થઈ રહી છે. બન્ને પક્ષના ઉમેદવારો દ્વારા મતદાર સ્લીપોનું પણ વિતરણ કરવામાં આવ્યું છે.





## વિધાનસભામાં ગાંધીનગર



- ધનંજય જોષી

### ચારેય તાલુકામાં માર્ગોના કામો માટે ૯૧.૮૧ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર જિલ્લામાં માર્ગ સુધારણાના કેટલા કામોને મંજુરી આપવામાં આવી તેમજ આ અન્વયે કેટલા કામો હાથ ધરાયા તેની પાછળ કેટલો ખર્ચ કરાયો ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામા રસ્તાના કુલ ૯૪ કામો માટે મંજુરી આપવામાં આવી છે. જયારે આ કામગીરી પાછળ ૯૧૮૧ લાખના ખર્ચેને મંજુરી આપવામાં આવી છે. જયારે આ પૈકી ચારેય તાલુકામાં રસ્તાના કુલ ૪૫ કામો શરૂ કરાયા છે. આ પૈકી બાકીના કામો અન્વયે નકશા અંદાજ અને ટેન્ડર પ્રકીયા હાથ ધરાયા બાદ કામગીરી શરૂ કરાશે.

### જિલ્લાના ૨૬૧.૮૫ કી મીમાં જર્જરિત વિજવાયરો બદલાયા

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમિયાન જર્જરિત વિજવાયરો બદલવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે આ અન્વયે ૨૬૧.૮૫ કી મી વિસ્તારમાં નવા વિજવાયરો નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે ૩૦૯ કી મી વિસ્તારમાં વિજ વાયરો બદલવાનુ કામ બાકી છે. જે કામગીરી આગામી દિવસામાં પુર્ણ કરાશે.

### જિલ્લામાં માર્ગોના રીસરફેસ માટેના ૪૫ કામો બાકી

ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા કાચા રસ્તા તેમજ માર્ગોને રીસરફેસ કરવાની માંગણીઓ પડતર છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ દહેગામ તાલુકાના ૨૮ કાચા રસ્તાને ડામર કરવા તેમજ એક માર્ગના રીસરફેસ , ગાંધીનગર તાલુકાના ૩૮ કાચા રસ્તા અને ૨ માર્ગોના રીસરફેસ, કલોલ તાલુકાના ૩૮ કાચા રસ્તાને પાકા કરવા ઉપરાંત માર્ગોના ૨ કામોની માંગણી પડતર છે.જયારે માણસા તાલુકાના ૫૩ કાચા રસ્તાને ડામર કરવાની તેમજ ૨૦ રસ્તાઓના રીસરફેસના કામોની માંગણી પેન્ડીંગ છે. બજેટની જોગવાઈના અંતે રસ્તાના કામો હાથ ધરવા માટે આયોજન કરાશે.

### ગાંધીનગર થર્મલ પાવરે ૮૦૭૨.૬૪ મિલીયન યુનિટસ વિજ ઉત્પાદન કર્યુ

ગાંધીનગર સરકારી થર્મલ પાવર પ્લાન્ટ દ્વારા છેલ્લા બે વર્ષમાં ૮૦૭૨.૬૪ મિલીયન યુનિટસ વિજળીનુ ઉત્પાદન કરવામાં આવ્યુ છે. જયારે થર્મલ પાવર સ્ટેશનની સ્થાપિત વિજ ઉત્પાદન ક્ષમતા ૬૩૦ મેગા વોટની છે. રાજયમાં ઉકાઈ થર્મલ પાવર પ્લાન્ટ,વણાકબોરી થર્મલ પાવર પ્લાન્ટ સિક્કા થર્મલ પાવર પ્લાન્ટ સહીતની ૧૦ જેટલી સરકારી કંપનીઓ -અને હસ્તકના આઈ પી પી દ્વારા વિજ ઉત્પાદન કરવામાં આવી રહ્યુ છે.

### અનુસુચિત જાતિના લાભાર્થીઓને ૭૬૩ ઘર વપરાશ વિજજોડાણ અપાયા

છેલ્લા બે નાંણાકીય વર્ષમાં અનુસુચિત જાતિના લાભાર્થીઓને અંગભુત યોજના હેઠળ ઘર વપરાશના વિજ જોડાણો આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના શાસનાધિકારી તરીકે સુશ્રી કિરણબેન પટેલ નિમાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર પ્રા. શાળાના શાસનાધિકારીની જગ્યા છ માસ પછી ભરવામાં આવી છે. આ જગ્યા પર ગાંધીનગરના મદદનીશ ડી.પી.ઈ.ઓ. તરીકે ફરજો બજાવતા કિરણબેન પટેલની નિમણુંક કરવામાં આવી છે.

કિરણબેન પટેલને આજે જિલ્લા શિક્ષણ સમિતિ તરફથી ભાવભીની વિદાય પણ આપવામાં આવી હતી. શિક્ષણ શાખાના કર્મચારીઓની ઉપસ્થિતિમાં જિલ્લા પ્રા. શાસનાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિએ તેમને શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા.

કિરણબેન પટેલે જિલ્લામાં પ્રા. શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અભિયાન તેમજ અન્ય વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં આપેલા યોગદાનથી સૌને પ્રભાવિત કર્યા હતા.

તેઓ શનિવારે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે. દરમ્યાન તેમની જગ્યા પર સુરેન્દ્રનગરથી હેમાંગ ભટ્ટની નિમણુંક કરવામાં આવી છે તેઓ સોમવારે તેમની આ નવી જગ્યાનો ચાર્જ સંભાળશે.

શિક્ષણ વિભાગ દ્વારા ૨૫ જેટલા મદદનીશ પ્રા. શાસનાધિકારીઓની બદલીના હુકમો કરાયા હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. આ બધાજ હુકમો વ્યક્તીગત ઓર્ડર કરીને કરવામાં આવ્યા હોવાથી બદલીઓ આજે શિક્ષણ વિભાગમાં ચર્ચાનો મુદ્દો હતો.

## પેટા-ચૂંટણી માટે તંત્રની તૈયારીઓ પૂર્ણ : આજે પોલિંગ પાર્ટીઓ જશે

### રવિવારે મનપાની પ્રથમ પેટા-ચૂંટણી માટે મતદાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રથમ પેટા ચૂંટણીના રવિવારે થનારા મતદાન અંગે તંત્રએ તેની તૈયારીઓ અંતિમ ઓપ આપવાનું શરૂ કરી દીધુ છે.

ચૂંટણીતંત્ર દ્વારા કાલે સવારે ત્રણ બસો દ્વારા પોલિંગ સ્ટેશન પર પોલિંગ પાર્ટી મોકલવામાં આવશે. બપોર સુધીમાં પોલિંગ પાર્ટીઓ જે તે બુથ પર પહોંચી જશે.

સે. ૧૫ની સરકારી કોમર્સ કોલેજ ખાતેથી આ પોલિંગ પાર્ટીઓ રવાના થશે. જે રવિવારે સાંજે મતદાન પૂર્ણ થયા પછી કોલેજ ખાતે ઈ.વી.એમ. સહિતની સામગ્રી સાથે પરત ફરશે.

૧૮ હજારથી વધુ મતદારો ધરાવતા વોર્ડ નં. ૩ની મનપાની રચના થયા પછીની પ્રથમ પેટા ચૂંટણી છે. આ વોર્ડમાં ૨૭ સર્વિસ વોટર્સ છે તેમને પોષ્ટલ બેલેટ પણ તંત્ર દ્વારા રવાના કરી દેવાયા છે.

મતગણતરી માટે કર્મચારીઓની નિમણુંકના હુકમો કરી દેવાયા છે તેમજ તેમને તાલિમબદ્ધ પણ કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે તમામ કાર્યવાહી કરેલ છે.


## જાહેરાત

ઉદયભાણસિંહજી ક્ષેત્રિય સહકારી પ્રબંધ સંસ્થાન, સેક્ટર-૩૦ને સર્વર-૧, નેટવર્કીંગ એક્સેસ પોઈન્ટ-૭, કોમ્પ્યુટર નંગ-૪૦, પ્રિન્ટર નંગ-૧૦, લેપટોપ નંગ - ૬ માટે વાર્ષિક સાર સંભાળ અને રીપેરીંગનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ દિન-૧૦માં સંસ્થામાં ભાવપત્રક ભરી આપી જવા. વધુ માહિતી માટે સંપર્ક કરો.

ટે. નં. ૦૭૯-૨૩૨૬૦૭૮૩, ૨૩૨૬૧૭૧૫



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


## શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસ માટે ૨૭૮૩ કર્મચારીઓ પ્રતિક્ષા યાદીમાં

### જુના આવાસો તોડવાની સાથે નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે પરંતુ હાલ પ્રતિક્ષા યાદી સામે આવાસ પુરા પાડી શકાય તેમ નથી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો કંગાળ અને જોખમી હાલતમાં છે. એકબાજુ જોખમી મકાનો તોડવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. વિભાગ કક્ષાએથી મંજુરી મળે તેમ જુના આવાસોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ જુના આવાસોનો ભુકો કરીને નવા કોર્પોરેટ લુક ધરાવતા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. પરંતુ આ સ્થિતિ વચ્ચે સરકારી કર્મચારીઓ તેમજ અધિકારીઓને આવાસો ફાળવાનુ મુશ્કેલ બન્યુ છે. હાલની સ્થિતિએ આવાસ મેળવવા ઈચ્છુક ૨૭૮૩ કર્મચારીઓ પ્રતિક્ષા યાદીમાં છે.


ગાંધીનગરમાં હાલ દાયકાઓ જુના અને જોખમી સરકારી આવાસો તોડી નાંખવામાં આવી રહ્યા છે. તબક્કાવાર સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો તોડવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવે છે. એકબાજુ જુના અને જર્જરીત આવાસો તોડી માર્ગ મકાન વિભાગ દ્વારા જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. જયારે શહેરમાં સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા આવાસોનુ નિર્માણ કરાયુ છે. હાલ સે-૩૦ સિવાયના અન્ય નવા આવાસોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. સરકારી આવાસો નવા બાંધવા હજુ પણ આયોજન

● અનુસંધાન પાન-૭ પર

## પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાના ધર્મપત્ની ઈન્દિરાબેનનુ અવસાન

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સુરેશચંદ્ર મહેતાના ધર્મપત્ની શ્રીમતિ ઈન્દિરાબેન મહેતાનું આજે ૭૯ વર્ષની જૈફવયે દુઃખદ અવસાન થયુ છે.



સ્વ. ઈન્દિરાબેન મહેતા છેલ્લા થોડાક દિવસથી બિમાર હતા અને સારવાર માટે અમદાવાદ સ્થિત ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

તેમના પાર્થિવ દેહને અંતિમવિધિ માટે માંડવી(કચ્છ) ખાતે તેમની ઈચ્છાનુસાર લઈ જવાયો છે. જ્યાં શનિવારે તેમની અંતિમયાત્રા નીકળશે.

સ્વ. ઈન્દિરાબેન મહેતાની પ્રાર્થના સભા ગુરૂવારે ગાંધીનગર ઉમિયાધામ સે. ૧૨ ખાતે રાખવામાં આવેલ છે તેમ તેમના પરિવારના સૂત્રોએ જણાવ્યું છે.


“સંસ્કૃતિ” સંસ્થા, ગાંધીનગર

૨૦૧૯-૨૦નો પ્રથમ કાર્યક્રમ

હિન્દી ચલચિત્રોના કિશોરકુમારે ગાયેલા લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ

Golden Era of Kishorkumar

તારીખ : ૨૦ ૭ ૨૦૧૯ શનિવાર

રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર

સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૬૦૦/- (વાર્ષિક)

વ્યક્તિગત રૂા.૧૦૦૦/- (વાર્ષિક)




સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩

(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩

(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦

(૪) નવા સચિવાલય : શ્રી પરાગ શુક્લ(મો) ૮૮૪૯૩૦૨૬૬૮ શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪

(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭

(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો) ૮૩૨૦૪ ૧૮૪૫૨

(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦

(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮

(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮

(૧૦)સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭

(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુક્લ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯

રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.

(૨) વર્ષમાં ૭ ઉત્તમ આયોજનો- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત, એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com